**કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં આદર્શ પશુપાલન વ્યવસાય અંગે એક-દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે તા.૦૮/૧૦/૨૦૧૮ સોમવારના રોજ આદર્શ પશુપાલન વ્યવસાય અંગે કલમસર, ઉંદેલ, નગારા અને નેજા તા.ખંભાતની બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન ડૉ. કે. એસ. જાદવ, પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. કે. ગોંડલીયા, સહ પ્રાધ્યાપક, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ બં. અ. કૃષિ મહાવિદ્યાલય તથા ડૉ. એ. સી. વૈદ્ય, પ્રાધ્યાપક અને વડા, વિસ્તરણ શિક્ષણ વિભાગ, પશુ વિજ્ઞાન મહાવિદ્યાલય આ.કૃ.યુ., આણંદ દ્વારા કરવામાં આવ્યું.

ડૉ. કે. એસ. જાદવ, પ્રાધ્યાપક અને વડા દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠન WTO સેલ અંતર્ગત યોજવામાં આવતા વિવિધ તાલીમ કાર્યક્રમ અંગેની જાણકારી આપી, સાથોસાથ વિભાગની અન્ય વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓનું વર્ણન કર્યું. તેમણે તાલીમનું મહત્વ અને તેના દ્વારા થતા ફાયદાઓની જાણકારી આપી.

તાલીમમાં વેટરનરી કોલેજના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા પશુપાલનના વિકાસ માટેની સરકારની સહાય યોજનાઓ, પશુધનની ઉત્તમ જાતો, દૂધ અને દૂધની બનાવટો, પશુઓના મહત્વના રોગોના લક્ષણો તથા તેને અટકાવવાના ઉપાયો સાથે ગાય ભેંસમાં વેતરકાળ, કુત્રિમ બીજદાન અને ગર્ભાવસ્થાની તપાસ જેવા આનુસંગીક વિષયો આવરી લેવામાં આવ્યા હતા. થીયરી સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે હેતુથી પશુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ ખાતે આવેલ ગાયો-ભેંસોના તબેલાની મુલાકાત લીધી. અંતે તાલીમના સંચાલક ડૉ. એમ. એમ. ત્રિવેદી દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.





ડૉ. કે. એસ. જાદવ પ્રાધ્યાપક અને વડા તથા દ્વારા ઉદઘાટન અને પ્રાસંગિક ઉદબોધન





વિવિધ વ્યાખ્યાતાઓનું વક્તવ્ય